## ૧૧ બિલ્ડિંગમાં ૭૦૦૦ વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા

# કોમર્સ ફેકલ્ટીમાં બે વર્ષ બાદ ટીવાયની ઓફલાઈન પરીક્ષા શરુ

વડોદરા,શુક્રવાર

એમ.એસ.યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં બે વર્ષ બાદ આજથી ટીવાયબીકોમની ઓફલાઈન પરીક્ષાનો પ્રારંભ થયો છે.

ટીવાયના ૭૦૦૦ વિદ્યાર્થીઓ આજથી પરીક્ષા આપવા માટે આવ્યા હોવાથી કોમર્સ ફેકલ્ટીના કેમ્પસમાં બે વર્ષ બાદ પહેલી વખત વિદ્યાર્થીઓની મોટી સંખ્યમાં ચહલ પહલ જોવા મળી હતી.

કુલ મળીને ૧૧ બિલ્ડિંગો પર કોમર્સની પરીક્ષા લેવાઈ રહી છે અને પહેલા દિવસે એકંદરે શાંતિપૂર્ણ રીતે પરીક્ષા લેવાઈ હતી.યુનિવર્સિટીમાં આમ તો ૧૬ મેથી વેકેશન છે પણ ટીવાયબીકોમના વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન પણ પરીક્ષા આપશે.